વઢવાણ શેહેરની

રચના.

સ્વસ્થાન વઢવાણના નેક નામદાર ખુદાવિંદ
ઠાકોર સાહેબ શ્રી બાલસિંહજીના
આશ્રય નીચે

રચીને
પ્રસિદ્ધકર્ત્તા

ખવાસ રામજી ભાયાજી

વઢવાણ શેહેર.

અમદાવાદમાં

અમદાવાદ યુનાઇટેડ પ્રિન્ટિંગ અને જનરલ
એજ૦ કં૦ (લિમિટેડના) પ્રેસમાં,
રણછોડલાલ ગંગારામે છાપી.

સંવત ૧૯૪૧ સન ૧૮૮૫

કિંમત રૂ. ૦-૧-૬.

સ્તુતિ.

શાર્દુલ વિક્રીડીત છંદ.

કુંદાળા દુખભંજના ગણપતી, પાપો નિવારો પ્રભુ,
હુંછું દાસજ આપનો દીન ગણી, બુદ્ધી વધારો વિભુ. ૧
મોટા પાર ન પામતા તુજ તણો, મારી બુદ્ધી કેટલી;
માહારાજ કરો દયા મુજ પરે, આ ગ્રંથ થાયે તેટલી. ૨

દોહરા.

શંભુ સુત તુજ ચરણમાં, અર્પું છું હું શીશ,
દાસજનણી હું રંકને, સુમતી આપો ઇશ. ૧
ત્રીકાળ દર્શી આપછો, કલીયુગના આધાર,
ઉંદરે વાહન ઓપીતું, મોદિક ભક્ષાહાર. ૨
દધી સત્વ સિંદુર લઇ, સિદ્ધ બુદ્ધી નાર,
સામગ્રી સર્વે સજી, પુજનમાં તૈયાર. ૩
કાવ્યકળા જાણું નહીં, નવજાણું કાંઇ ગ્રંથ;
ઇશ્વર અર્પણ હું કરૂં, અલ્પબુદ્ધી આ ગ્રંથ. ૪

વઢવાણ શેહેરની રચના.

સખી પડવેના પડીયાપંચ. (રાગ)
પુર પ્રસીદ્ધ પ્રખ્યાતી એક, નજરે નિહાળ્યુંરે;
કરૂં વર્ણન રાખી વિવેક, વઢવાણ ભાળ્યુંરે;
ઉત્તરે ભાગાવો ભરપુર, જહાં બીરાજેરે;

દક્ષિણ દાળ્ખપુર, રમણીય છાજેરે.
પુર્વે નૌતમ ગંગા વાવ, ગંગા જેવીરે;
તહાં ગુંદવડું તળાવ, શોભા એવીરે.
છે સરોવર પશ્ચિમે છેક, સાકરીઆ જેવુંરે;
માંહી કુવો સાકરીઓ એક, તહાં નીર તેવુંરે.
વસે ગામમાં બ્રાહ્મણ વૈશ, ક્ષત્રી શુરારે;
શ્રીમાળી અહિંના રહીશ, પણ છે પુરારે.
ઉત્તમ નાગરનો નિવાસ, પણ ત્યાં સારો છે;
વસે મોઢ દેશાઇ પાસ, સિપાઈ વાડો છે.
સારશ્વત કારટીઆ જાત, દરજી ગોર ઘણા;
દરજી સોની કરે ઘણી ઘાત, ચોરીમાં ન મણા.
ઘાંચી મોચી અને લુહાર, લોટીઆ લહેર કરે;
ખોજા ડાળીઆનો વેપાર, કરતા નજરે પડે.
ખીચો ખીચ ખવાસની ઓળ, કેવી ઓપેરે;
સુન્ન વાઘરી ભીલને કોળ, મર્યાદા લોપેરે.
કારીગર કંસારા લોક, ચારણ ભાટ બહુ;
વસે સુતાર ભાથીનો થોક, નોકરીઆત સહુ.
વેચે તંબોળી પાનનો રંગ કાથો ચુનો વળી;
વસે બહાર દેઢને ભંગ, રાવળ રબારી મળી.
ભરવાડ ઘણાં રાખે દુધ, વેચવા સારૂ કરી;
શીર મટુકી જરા નહીં શુદ્ધ, પાછું જુએ ફરી.
પરદેશી મુસાફરજન, ઘાટી લોકો છે;
કરવા મન પોતાનું પ્રસન્ન, હાથમાં હોકો છે.
બાબર હજામને કુંભાર, ત્રીપણ નાતો છે;

થોરી ખાકટીને ચમાર, મુમણ મદમાતો છે.
માળી સથવારાની વાડીઓ, પણ ત્રાઝી ત્યાં;
મનરંજન ઘોડા ગાડીઓ, સૌ નીકળે ત્યાં.
પુષ્પ રંગએરંગી નીત્ય, રૂડાં ખીલી રહે;
બાગો જોવા ઉપર પ્રીત, નરને નારી સહે.
ઘણા ખત્રી અને વવસાર, પીંજણ વાળા છે;
સુનારા અને સુતાર, બહુ દેપાળા છે.

વઢવાણ શેહેરના દરવાજા.

બારીનું વર્ણન.

(રાગ) ઉપર પ્રમાણે.

શેહેર ફરતા દરવાજા છ, કે સાતમી બારીરે;
જુઓ નીર ભરંતી નાર, સુખા કારીરે.
કોઇ સોળ શજી શણગાર, મલપતી ચાલેરે;
કોઇ કલશ ભરી તૈયાર, મોજમાં મહાલેરે.
કોઇ એક બીજીને સાદ, કરવા માંડેરે;
નીચ નારી કરી વિખવાદ, ગાળો ભાંડેરે.
કોઈ વીરડે વારો રાખજે, એમ કહેતીરે;
ઝટ લોટીયું માંહે નાખજે, રજે રહેતીરે.
ખરી જોવા તણી બને લ્હેર, દીવાળી ટાણેરે;
પ્રજા દશરા વીત્યા પછી ઘેર, ઉઠે વહાણેરે.
કરી દેવદર્શન પુજા પાઠ, વેહેલાં વહેલાંરે;
નીર ભરવા જાય કરી ઠાઠ, સુર્યોદય પહેલાંરે.

શી બહાર અત્યારની આંહ્ય, જોવામાં આવેરે;
જોતાં મનુષ્યતણા દીલ માંહ્ય, મોહ ઉપજાવેરે.
શીર ગુંથી રાખેલ સ્વચ્છ, સુગંધી અંગેરે;
રૂડી સરડક પણ ન અસ્વચ્છ, પુરેલ રંગેરે.
કરી મંજન કલશ અપાર, વિધ વિધ ભાતેરે,
આકાશ વિષે લગાર, સુર્યોદય થાતેરે.
એવે વખ્તે ભરીને નીર, સુંદીરી જાયેરે;
અતી આનંદમાં શરીર, હુલ્લાસ થાયેરે.
બ્રાહ્મણને ઘણી પ્રીત, નાહાવા માટેરે;
તેથી આવે નત્યે નિત્ય, અહિંને ઘાટેરે.

ધોળી પોળનું વર્ણન.

એકત્રીશા સવૈયા. (લાવણીમાં પણ ગવાશે)

ધોળી પોળની બહાર નીકળી, જુઓ સરીતા નિર્મળ નીર;
આગળ પુલ એલ્પિનો સારો, પુલ પછી ગેબનસા પીર. (૧)
ત્યાર બાદ સુંદીર સર ઉપર, નાના વિધી વૃક્ષો અપાર,
એશ બગીચો રામ મોલનો, જોવા દીલ કરે વિચાર. ૨
બીજી બાજુએ વડ બીરાજે, સરસ શોભા છે તે ઠામ;
પશુ પક્ષી જીવ જંતુ માનવી, ઇચ્છે લેવાને આરામ. ૩
નદી કીનારે પથ્થર બાંધ્યા, જન થાયે જેથી સુખકાર;
પરમ પવિત્ર ઔદીચ્ય જન, નાહી અત્યંત માને છે ઉપકાર.
કોઠા ઉપર તોપ પડી છે, દુસ્મન ફોજનો કરવા નાશ;
બુમ પાડીને પાછા ભાગે, તોપ તણો નીરખી નીવાસ. ૫

સિદ્ધી સડકે ચાલ્યા જાતાં, મોરારજીનો આવે કુંડ;
*પવન સુતનું મંદીર રૂડું, કુડું કાળી તણું છે ઝુંડ. ૬
એક ભયંકર +જગ્યો અહીંઆં, રાતા પીળા ભડકા થાય;
નગર નીવાસી પુરના વાસી, મરેલ મનુષ્યને ત્યાં લઇ જાય. ૭
ડાકણ શાકણ ભુત ભૈરવાં, જતી જોગણી બાવન વીર;
મામો જન ખવી વૈતાળોય, વિના વસ્ત્ર સુનાં શરીર. ૮

શીઆણીની પોળ.

સુણો શામરા હું તમ માટે ઘેલી ફરૂંજો. (રાગ.)

રળિઆમણી શીઆણી, પોળ છે ઘણી જો;
સુણો તારીફ કહું હવે હું તે તણી જો. રળીઆમણી.
સમી સાંજના સજન સહુ, ભેગા મળે જો;
સર્વ હાસ્યને આનંદથી, તેમાં ભળેજો. રળિઆમણી.
સન્મુખ દેવળ શ્રી શંભુનું સુહામણું જો;
પડએ ગેટને મંદીર, બાજુ શોભે ઘણું જો.રળિઆમણી.
સ્વચ્છ સરમાં સલાટ નરશંગટે કરી જો;
વળી બેટની પેઠે તે શોભીતી ખરી જો. રળિઆમણી.
નવી ધર્મતો શાળા બનાવી મહાજને જો;
લુલાં ઢોરોની પાસે, આશીશને જો. રળિઆમણી.

બાકી રેહેલા દરવાજાનું વર્ણન.

આવો બેની ગીત ગાઈએ પ્રીતરે એ (રાગ.)

ચાલોરે સખી બારવાને દરવાજે
કરીશું હનુમંત દરશન આજે. ચાલોરે.
કષ્ટ ભંજન તે કષ્ટજ કાપેરે;

---

*મોટા હનુમાનજી. +સમશાન.

પાપ કાઢીને સુખને આપેરે;
પામે નિર્ધન ધન તે પ્રતાપે. ચાલોરે.
સન્મુખ શોભંતી શુભ વાડીરે;
રમણીય લાલની જગ્યો અગાડીરે;
નીરખો સ્ટેશને રેલવે ગાડી. ચાલોરે.
પછી લાખુની પોળે જઈશુંરે;
મુખે ગીત રૂડાં રૂડાં ગઈશુંરે;
શીતળ લાખુ વાવે જળ પઈશું. ચાલોરે.
ખુશ કારજ ખાંડી પોળેરે;
જઈશું આપણ મળીને ટોળેરે,
ઘણું અનાજ એ ભાગોળે. ચાલોરે.

વઢવાણ શેહેરની વનસ્પતિ તથા શાક લીલોત્રી વીગેરે જમીનમાંથી નીપજતી વસ્તુઓ.

(હરીગીત છંદ.)

વનસપતી વર્ણન કરૂં હું સુણજો સૌ હેતથી;
બહુ વ્રક્ષ કદળી જાંબુડા જુઈ જાય ઓપે કેતકી;
ચંબેલી ચંપા ગુલ નીધી, ગુલાબને વળી મોગરો;
અતી લીંબડા ને બોરડી, ખરશાણીતો ત્યાંછે ખરો.
છે વાંસ બાવળ સાગ તાડી, પીંપરી ને કેરડા;
ગુલદાઉદી મેંદી હજારી, દાડમીને એરડા;
જમરૂખ ઝાઝાં જુજ આંબા, કોઠીને છે કાંગચ્યાં;
વડ આમલી ધંતુર આવળ, આકડા ને કોવચાં.
આશોપલ્લવી ઈંગોરીઆં, સીતાફળીને ઓભડાં;
મગ બાજરી મઠ જાર ગાજર ગ્વાર શીંગો રીંગણાં;

કારેલી ભીંડા મેથી મરચાં, તલ તાજા છે ઘણા;
બહુ ખીજડાપર સાંઘરો, અતી ગુણ તાંજળીઆ તણા.
વાલોળ ચોળા ફુલ, કરેણાં લીંબુ મુળા મોઘરી;
છે એજ સારો સર્ગુઓ, સૌ ભાગ્યવંતી સુંદરી;
ગુણકારી ગુંદાં બોર. સારાં રૂ કપાસ અતીઘણા;
એ વનસપતીની સર્વ ચીજો રામજી કે' નહીં મણા.

ચંદ્રવિલાસ માજેશ્વર બાગ અને જાલમબાગ માંહેનાં ઈંગ્રેજી ઝાડો.

ત્રોટક છંદ.

બુચગંદણી શેતુર ખારેકીઆ;
મીઠીઆવળ બાવળ બાવળીઆ.
કણઝી અબનાં, ખજુરી પણ છે;
ટિકસા સદડી શરૂ આંબળ છે.
બિલી બોર અરિઠી, કસુંદરને;
ઠીક શાજડ અંબ દરાખ બને.
રબરો તરૂ મોરગલો પીપળા;
અતિ ગ્લેનક વૃંદ, અને શીમળા.

વઢવાણ શેહેરની જાણવા જોગ પ્રસિદ્ધ બાબતો.

આવો આવોરે કળીયુગ આજ અરે. એ રાગ.

સારો સારો રે સાબુ આ ગામે;
નહીં નહીં તેવો બીજે ઠામે;
વખણાય ઘોડાના સેમાનો;
લેવા આવે પરદેશી મેમાનો.
વળી છે દેશી સારાં તાળાં;
બેશ હાટ બન્યાં ચુડીવાળાં.

પ્રખ્યાત પ્રસિદ્ધ હવા મહેલ;
જોવા લાયક છે સૌથી પહેલ.
મનરંજન સુંદીર એહ ઘણો;
બહુ રંગશું શોભીત તેહ તણો.
ઈંદ્રાસન સરખો સૌ ભાખે;
જન જાતાં વળતાં નિહાળે.
દીસે દિવ્ય રૂડો દીપકશાળા;
બુધ ચંદ્ર જુઓ વાજંત્રશાળા.

નિશાળો.

ઈંદ્રસભાનો (રાગ.)

મુખ્ય સ્કુલ ગુજરાતીમાં બાળ કવિતા ગાય;
પ્રભાતમાં પુસ્તક લઇ વિદ્યા ભ્યાસે જાય.
નિશાળ એ સુંદીર ઘણી રમણીય રાતે રંગ;
જોતાં મન ખુશી થાશે અધીકો વધે ઉમંગ.
ઈંગ્રેજી સ્કુલ ઉપરે ભણતા સ્કોલર પાઠ;
નજર ડારીને નિરખતાં સરસ દીસે તે ઠાઠ.
બે ફ્રેંચો આ ગામમાં કન્યાશાળા એક;
પંડ્યાની નિશાળમાં બાળ ધરે છે વિવેક.
સાંજ સમે છૂટી થયે, કસરત કરવા જાય;
કસરતશાળા બારીએ, જન જોવાને ન્હાય.
અંબાશંકર ઉપરી એહ તણો ઉપયોગ;
કસેલ અંગ શુરવીરને, નહીં શરીરમાં રોગ.

મંદીર.

(સારંગ) ઇશ્વર વિવાહના ઢાળમાં.

શુભ મંદીર શ્રીરામનું, રામ મહોલ તેનું નામ;
દર્શન કરવા પ્રીતથી, આવે છે આખુ ગામ.
મુરલીધર શ્રી કૃષ્ણનું, મોરલી મનોહર ધામ;
એકાદશીનાં જાગ્રણો, થાય સમાજ સંગીત ગાન.
શેષ નાગ ભગવાન છે, લાલા ભગતને મંદીર;
ચર્ણ ચાંપે શ્રી રાધીકા, પોઢ્યા છે રણરંગ ધીર.
ભક્ત વાઘાને મંદીરે, બીરાજે છે શ્રી રામ;
લક્ષ્મણજી સીતાજી આદિ શોભે છે એ ધામ.
ચુડગરનું મંદીર જ્યાં, ત્યાં દેરાશર છે એક;
ગુરૂદત્તેશ્વર બીરાજતા લાખુની પોળે છેક.
મંદીર છે એક બાગમાં, ત્યાં ફાડરમાં શ્રીગણેશ;
સાક્ષાત જાણો સર્વદા, આશા પુરે એ હમેશ.
મધ્ય સરોવર બીરાજતા, પંચમુખી શ્રી મહાદેવ;
ખાંડીપોળની સામું દેવળ, સાધુ કરે છે સેવ.
માતુશ્રી જગતંબીકા વાઘેશ્વરી હણે કષ્ટ;
રવિવારની સાંજરે ગરબા ગવાએ આષ્ટ.
માર્ગી મંદીર જડુરામનું ગંગેશર ગંગાવાવ.
જડેશ્વર હાડીમા અને રાણક દેવી માય.
કૃષ્ણપત્ની જગતજનુની મહાલક્ષ્મી માત
વડેશ્વરને રામલીલા રામના ગુણ ગાત.
*સ્વામી અને બીજાં ઘણા વરણવતાં નાવેપાર.

---

* સ્વામી નારાયણ.

રામદાસ દરશન કરે હેતેથી વારંવાર.

નવાણો. (કુવાવાપીકા વગેરે.)

ધોળકામાં ધર્મથી ફુલતો મેઘાડંમર ગાજે એ રાગ.
વર્ણવું કુવા વાપીકા પ્રથમે [1]પીંપળ શેઠ;
મીત્ર તેનો કરશન કુવો નદી ઉપર નેટ.
પીંપળીઆની માત તે [2]લાખુ [3]સાણની શામા
ભ્રાત તેનો બ્રહ્મચારી છે [4]ભાણને નહો રામા.
કજીઓ થયો બે ભ્રાતને બોલ્યા બાંગર બેટો[5]
[6]દાદા તમે જૂદા રહો રહું હું પણ છેટો
વહુ વર બે પાસે રહ્યાં કાઢ્યા દીકરે ભ્રાત.
[7]કુપ માતા કોપ્યાં હવે નહીં થાયજ શાંત
માધાવાવ સર્વોપરી કરવા આવ્યાં ન્યાય.
તેં કાઢ્યો તુજ બંધુને વર્ત્યો એ અન્યાય
[8]તારૂં પાણી ખારૂં થશે રહે મલીન અંગ
સુંદીર ધરૂણી સાથ તું ભોગવ વિધ વિધ રંગ.
એમ કહી એતો ગયાં દાજી કુપની પાસ
પ્રસન થઈ તુજ ઉપરે પામીશ ન ત્રાસ,
કરશનને પરણાવવા જાન જોડવી જોઇએ.
બેજી બોલ્યાં જે મુખથી ના કહે ન કોઇએ
તાત *પીંપળ આવ્યા તહીં પરણાવવા સારૂ.
ગોર મોરારનો કુંડ કે વાત સાંભળી વારૂ

---

૧ ખાંડી પોળનો પીંપળીઓ કુવો. ૨ લાખુવાવ. ૩ સાણ કુવો. ૪ ભાણ કુવો. ૫ પીંપળીઓ ૬ ભાણ કુવો ૭ માધાવાવ. ૮ માધાવાવે શાપ દીધો.

જાઉં હવે પરદેશમાં તેડી લાવું જાનૈયા
વઘાડે ચડાવવા વર થયા કનૈયા.
[1]કંદોરા ત્રણ કેડમાં [2]હાંહ ડોકમાં પેર્યા
[3]નવસેં નવાણું ભેગાં કર્યાં સર્વ પેર્યાછે સેર્યા.
કાચલી કુઈ કન્યા પછી ગોર લાવ્યા જલદી
પાંચ ફેરા ફરાવીને શોખ ગોરને દીધી.
નવા કુવાની તુંદી કરી કાચલી કુઈ નામ
ગાવા માંડ્યુ [4]સ્ત્રીએ મળી ઘરનાં કરજો કામ
નાનો પીંપળ બોલ્યો પછી કરશન હું છું કુંવારો
માર મારો કાઢી મૂકું નીકળ અહીંથી બારો
કરશન કે કાઢ્યો હવે નીકળું નહીં બાર
તારા ઉપર મોટો થઈ રહું આણે ઠાર.
મોટા પીંપળનો સુતછું *નાથા મેતાનો કાકો
બાથ મારે છે એટલી વળી હું બહુ પાકો.
સર્વોપરી બોલ્યાં પછી મળવા બેનીને જાવું
દાજી વાપી મુજ બેનછે હું મોટી કહેવાઉં
પુરણ પ્રીતેથી કરી બન્ને જણ મળીઆં.
માધાવાવ કહે હવે દુઃખ જન્મનાં ટળીઆં
ગંભીર ગુણની ગોરડી તું છે બાળેવેશ.
હુંતો હવે ઘરડી થઈ શીર ઉજ્વળ કેશ

---

* ધોળીપોળ પાસેનો મોટો પીંપળીઓ, ૧ કુવાને પાણીના કંદોરા હોયછે તે. ૨ લાકડાનો કઠોડોછે તે. ૩ આ ગામમાં નવસેં નવાણું નવા કહેવાય છે. ૪ કુઇઓ અને વાવ્યો.

* નાથા મેતાનો કુવો કરશન કુવાનો કાકો સમજવો.

જોજો એની કોઈ આપેછે કાંતો ગંગાબાઈ
હાહા એનો એજછે ગીત આનંદ માંળી.
સર્વે મળી આનંદથી નીજ સ્થાનક જાય
ઉપકાર માને રામજી નિત્ય નાહાવા થાય

શેહેરનો દેખાવ. (લાવણી.)

રૂમ ઝુમ કરતી આઈ બીજની. એ રાગ.

વઢવાણ શેહેરની સુંદીર શોભા બે સ્ટેશનછે બહુ સારાં
બે બંદરેથી માલ ઉતરે ભાવનગર મુંબઈ બારાં.
ઉદ્યોગીછે સર્વે મનુષ્યો વહેપાર પણ બોળો ચાલે
વસે શેઠ સાહુકાર આનંદી આનંદમાં સર્વે મહાલે
સર્વે સ્થળ સુધારા સારા બજાર પણ છે બહુ સારી
મન રંજનછે ગામ આવડું એમ કહે નરને નારી
નિશા સમયપર શેહેર નિર્ખવા નીકળી પડોજો ફરવાને
કૈંક પોતાને ધંધે વળગ્યા કૈંક શોખીનો ગાવાને
મૃદંગબાજે તકિટકિટતા સિતાર રૂણ ઝુણ સારંગી
ઘુમ છનનનનનન સુંદરી બાજે બુલંદતં ઘુર બેરંગી
શહેર સર્વમાં સુંદીર સડક ઠાર ઠાર ફાનુસ ઓપે
લુચ્ચા લફંગી ચોર કોરપર પોલીસો વહેલા કોપે
પરોપકારી દવાશાળાઓ એક ગામમાં બીજી બાર.
દર્દીની આશીષ પામવી અત્યં તએતો છે ઉપકાર
તુરંગખાનું અહીંના જેવું નહીં દીસે કોઈ પરદેશે
મધ્ય શહેરમાં મોટી માંડવી માંડવી માલ ઉપર હાંસલ લેશે
હજુર અદાલત પોલીસ ચોકશી ન્યાય અને દીવાની કામ

---

* કવિશ્વર દલપતરામ ડાહ્યાભાઈ તથા દેવશંકર રામચંદ્ર.

સર્વ કોર્ટ ન્યાય ચુકતા સરસ દીસે છે શુભ આ ગામ
ઓફીસ પોસ ટપાલ એકછે ગણ્યા સાત મેં કબુતરા
સાત કુશળ વૈદક વિદ્યામાં ઠવિ* ઉભય ગુણ શાંત ખરા
શાસ્ત્ર વિદ્યામાં સૌથી સારા પંડીત ત્રણ વસે હુશીઆર
ઉત્તમ જોશી એ વખણાયે ઔદીચ્ય કુળ એનો અવતાર
શ્રેષ્ઠ એક ગાયન વિદ્યામાં નીચ્યા નંબર તેથી એ
કહે રામજી રીત સર કેતાં મર્દુંગમાં પણ ઠીક એછે.

હરીગીત છંદ.

ઇંદ્રા પુરી સમ ગામ આતો જોતાં મન ખુશી કરે
નવરંગીહાટ બનેલ જન કીલોલ કલોલ સૌ કરે.
*સારાંશ માલ વેચાયછે ૧આ પીઠ દેશ દેશનો
સરતટ નારી વદન નીરખી કામ લોભે મુનેશનો.
૨ઉદ્યાન પુષ્પો ખીલી રહ્યાં ૩વન વાપી કુવા શોભતા
૪શુભરંગ મહેલો નીરખતા પરદેશી લોકો થોભતા
બહુ નાદવાજી મોતણા સુણીને આનંદ ઉપજે.
ચક ચકીત ફળીઆ ચોકથી જ્યાં ગંદકી નવ નીપજે।
કેટલાક (થોડા) આવા લોકો પણ વસેછે.

દોહરા.

કેટલાએક આ નગ્રમાં અહંકારી આ લોક,
માન ધરિ વિદ્વાનનું ઇજ્જત થાયે ફોક.
ગર્વ ઘણો મનમાં ધરે ગર્વ તણી નીત્ય વાત,

---

* સારાઅંશવાળો. ૧ મશીદનો ચોક. ૨ ઘર પાસેની વાડી.
૩ દા.જીવન, ૪ ચંદ્રજુવન.

લબાડી લુચ્ચા ગર્જી તે કરે હજારો ઘાત.
મુજ જેવો કોઇ નહીં મળે દેશ અને પરદેશ,
ફાટેલા મુખથી વદે ઉજ્વળ રાખે વેશ.
પૈસાનો સાળુ લઇ વસ્ત્રો રાખે સાફ,
ધોબીને ઘર જઇ કહે અસ્ત્રી કરજે બાફ.
પગાર કાંતો પાંચનો પછી છેવટે આઠ,
બુટ નાખો જડાવીને સરસ કરે તે ઠાઠ.
સુધારામાં હું રહું કહે મુખથી આપ,
કુધારો પંડે કરે નહીં કોઇ તાપ.
મને કોણ કેનાર છે પરમેશ્વર તે કોણ,
કોણ ધર્મ આચાર છે વદતા દોણા ફોડ.
ધીક ધીક તું માનવી શીદ ધર્યો અવતાર,
ખબર નહીં હતી ઇશને કરત પથર નીરધાર.
નહીં ગર્વ કર માનવી મરણ ન મૂકે કોય,
મોટા સૌ ચાલ્યા ગયા પાછળનાં બહુ રોય.
એમ જાણી ઓ પ્રાણીઆ નિતી સંગે ચાલ,
કુનીતીમાં જો ભળ્યો થાવુંછે બે હાલ.
ઉમ્મર વર્ષ પચીશની ત્રીશ ચાલ્યા જાય,
દુઃખ ઉપજે મનમાં વળી પસ્તાવો બહુ થાય.
રાયરંક પશુ પક્ષીને ઝડપી લેછે મર્ણ,
લાંચ આપી કો બચી ગયા સુણ્યા નહીં મેં કર્ણ.
માટે ચેતી મનુષતું ઇશ્વરને ઉર આણ,
મોજ શોખને લ્હેરના દીન હમેશ જાણ.

પીંગળ હું ભણીયો નથી નવ વિદ્યાનું જ્ઞાન,
ભૂલ ચુક જે હોય તે માફ કરો વિદ્વાન.

આ પુસ્તક છપાવતાં મને મારા મીત્ર સોની દેવચંદ વાઘજી રે. રાણપુર તથા સોની સુખલાલ નથુ તરફથી સંપુર્ણ મદદ મળેલી છે તે મોટા ઉપકાર સાથ માન્ય કરૂં છઉં.

તા. ૧૭ જુન સન ૧૮૮૫ દા. **રામજી ભાયાજી વઢવાણ.**

અગાઉથી આશ્રય આપનાર ગ્રાહકોનાં નામ.

નામ.

૫૧ સોની દેવચંદ વાઘજી રાણપુર.
૩૦ સુખલાલ નથુ વઢવાણ.
૨૫ વ્યાસ ભુદરજી હરિભાઇ કલકત્તા.
૧૨ ખવાસ કરશન મેરૂ વઢવાણ.
૧૦ શા. છગનલાલ ગફલદાસ "
૧૦ ફ. આ. મા. ગુલાબચંદ જેસંગ રાણપુર.
૧૦ શુકલ રઘુરામ ખીમજી વઢવાણ.
૧૦ મેતા બાવલ મુળજી વઢવાણ.
૧૦ ખવાસ રણછોડ કાળુ "
૧૦ ક. ટી. અંબાશંકર પ્રાણજીવન લીમડી.
૧૦ ભગવાન ભાણજી રાણપુર.
૫ રા. રા. ખવાસ ડુંગર કલાભાઇ વઢવાણ.
૫ વકીલ ગોવીંદરામ મોરારજી વઢવાણ.
૫ શા. ગુલાબચંદ શંગજી વઢવાણ
૫ ખવાસ નારણ હરિભાઈ "
૫ જાની નર્મદાશંકર દામોદર
૫ સોની વિઠ્ઠલ હકાભાઈ રાણપુર
૫ દેશાઈ છગનલાલ પ્રભુદાસ

ધ્રોળાજે.

૫ શા. મોનજી પદમશી વઢવાણ.
૫ ચત્રભુજ ગોવનજી "
૪ ગાંધી ભાઈચંદ ગોકળ "
૪ સોની હીમા હરજી રાણપુર
૪ ભાઈશંકર ત્રીભોવન ધ્રોળાપો. ઇકલા.
૪ મી. છગનલાલ પુરશોત્તમ વઢવાણ સી. સ્ટે.
૩ રા. રા. ફુલજી હરિકષ્ણ વઢવાણ
૩ રા. ત્રીભોવન મંગળજી ,,
૩ સોની ઝવેરદાર વઢવાણ
૩ દવે મગનલાલ હરીકૃષ્ણ. ,,

વઢવાણ સિટી.

૨ રા. રા. ચત્રભુજ બાપુભાઇ.
૨ ,, ગોરધન જેશંકર મે. ભિમકા
૨ ,, શીવલાલ દીપચંદ.
૧ ,, હરચંદ ઠાકરશી.
૧ ,, દેવચંદ જેસંગ.
૧ ખવાસ. વસરામ મેર
૧ વૈદ્ય પ્રભાશંકર દયારામ
૧ રા. મગનલાલ શીવશંકર.
૧ ,, માણેકલાલ મહાદેવ
૧ ,, છગનલાલ ઉજમશી.
૧ મજુ બાપુજી.
૧ સિ. જાફર પીરબેગ.

૧ દરજી નથુ બાવા.
૧ વોહોરા મનસુખ જાદવજી
૧ વોરા ધરમશીનાગરદાસ વઢવા
૧ બેગ શકુ મજુ.
૧ ચત્રભુજ જગજીવન.
૧ સોની પોપટ દેવચંદ
૧ પાનચંદ ભુરા.
૧ ખત્રી ગોપાળ જેઠાભાઈ.
૨ શા. મોહનલાલ સોમચંદભાઈ.
૩ રાયચંદ ડાહ્યાભાઇ.
૧ ગીરધર હરિકૃષ્ણ.
૧ ગુલાબચંદ નારણજી.
૧ રામી ગાંડા દેવા.
૨ અહમદ પુંજા બેન્ડપા વાળા.
૧ પેમચંદ કસ્તુર.
૧ વરવા રઘુભાઇ.
૧ ઝવેટાશંકર કુબેરજી.
૧ મગનલાલ હરખચંદ.
૧ મેરૂ નારણ.
૧ ઉમેદસિંહ અનેસિહજી.
૧ રા. જામવલી.
૧ સિ. આલમ નથ્થુ.
૧ કોઠારી ચીમલાલ સુંદરજી.
૧ વોહોરા પનજી વેલચંદ
૧ ,, છગનલાલ સામચંદ.
૪ શાહ મોહનલાલ ઓધડ.
૧ સપાણી મગનલાલ વાલજી
૧ શાહ ત્રીકમ ગુલાબચંદ
૧ ચત્રભુજ મોરારજી.

મૂળશંકર હરગોવિંદ.
૧ કડિઆ રામલાલ ગંગારામ.
૧ લક્ષ્મીચંદ ચતુર.
૧ બેહેચરલાલ કરશનદાસ.
૧ જાની દયાશંકર મોતીરામ.
૧ રૈયાજી ભગવાનજી.
૧ કરૂણાશંકર જગજીવન.
૧ સુકલ ઓઘડ માલજી.
૧ નરશી લખુ.
૧ નાનજી ભગવાન.
૨ અંબાસંકર હરિસંકર આ.મા. કન્યાશાળા.
૧ દવે રેવાશંકર હરિભાઈ.
૧ વેણીશંકર દેવશંકર.
૨ શુકલ ગવરીશંકર નાગેશ્વર.
૧ રાવળ મગનલાલ મોરારજી.
૧ જાની મોહનલાલ પ્રાણલાલ
૨ દરજી બાવલ ગોપાળ.
૨ દલપતરામ ડોસાભાઈ.
૧ મુખી ગીરજાશંકર પ્રભાશંકર.
૧ દરજી લલ્લુ પીરજી.
૧ બેહેચર ગલાભાઇ.
૧ ત્રવાડી પ્રભાશંકર અજરામર
૧ દવે ખોડીદાસ દેવશંકર.
૧ દરજી વાલજી ત્રીકમ.
૧ ઉ. શીવશંકર હરજીવન.
૧ હરીશંકર ડુંગર.
૧ રા. વજેશંકર જેશંકર દવે.
૧ ,, હીરજલાલ કહાનજી.

૧ ગવરીશંકર કહાનજી.
૧ ભટ્ટ જદુરામ કાશીરામ.
૧ ત્રવાડી લાલજી હરીભાઈ.
૧ સોની હરજીવન ઝવેર.
૧ સોની લવજી ત્રીકમ.
૧ ,, પનજી વશરામ
૧ દરજી બહેચર ત્રીકમ.
૧ મેતા શંકર વિશ્વનાથ.
૧ પરી. નાનચંદ વિ. લાલચંદ કેમ્પ.
૨ ,, હરજીવન મૂળચંદ. કેમ્પ
૧ ત્રવાડી દેવશંકર જગન્નાથ.
૧ ત્રવાડી ભાઈશંકર ખોડાભાઈ.
૧ ,, છગનલાલ નરશીભાઈ.
૧ ચતુર હીરા. હજામ.
૧ મગનલાલ ખીમજી.
૧ દવે દોલતરામ હરિશંકર.
૧ ઉ. નારણજી જેઠાભાઈ.
૧ દવે મોહન ભાઈશંકર.
૧ શુકલ મણીશંકર મોતીભાઈ.
૧ જોશી ભાઈશંકર ઇચ્છારામ.
૧ શા. કસ્તુર ગોકળ.
૧ મી. શીવશંકર પ્રેમાણંદ.
૧ મગનલાલ હરગોવિંદ.
૧ શંકર ભાઈશંકર.
૧ શા. સુખલાલ પિતાંબર.
૧ સોની મોહન મકન.
૧ ,, માદેવ રવજી.
૨ શાહ મોહનલાલ છગનલાલ.
૧ સોની ત્રીભોવન દેવચંદ.
૧ મગનલાલ હરિભાઈ.
૧ ભુરા અમરચંદ.
૧ લક્ષ્મીશંકર મોરારજી.
૧ ગોવરધન હરગોવિંદ.
૧ દવે નાગેશ્વર જગજીવન.
૧ જોશી કરશનજી આણંદજી.
૧ પા. ગોરધન નાગરદાસ.
૧ જાની હરજીવન શંકરજી.
૧ દોશી ઉજશી વીરચંદ.
૧ દવે વિશ્વનાથ ગોવિંદજી.
૧ શાહ મોહન અબજી.
૧ ચુડગર માણેકચંદ મલુકચંદ.
૧ શાહ પાનાચંદ શંઘજી.
૧ શુકલ કેશવજી ભાણશંકર.
૧ ભાવ. ખીમા ગોકલ.
૧ ,, તપશી રઘા.
૧ ,, લખુ નાથા.
૧ વ્યાસ મોતી નરભેરામ.
૧ સુતાર પ્રભુ વાલજી.
૧ સુંદરજી નારણજી.
૧ ત્રવાડી નર્મદાશંકર ભુદરજી.
૧ ,, વિઠ્ઠલજી ભુદરજી.
૧ પંચોળી કુરણાશંકર ઉમાશંકર.
૧ રાવળ ભવાનીશંકર ગગજી કેમ્પ
૧ સુતાર કુંવરજી વિ. પુરષોત્તમ.
૧ શંભુ પુરશોત્તમ સુતાર.
૧ પ. છગનલાલ જાુઠા.
૧ શુકલ શંકર જેશંકર.

૧ દવે વૈજનાથ ખોડીદાસ.
૧ ત્રવાડી શીવશંકર આત્મારામ.
૧ ,, લક્ષ્મીશંકર ભાગવત.

વાંકાનેર.

૨ ગોસળીઆ જીવરાજ લવજી
૧ શાહ ભાઇચંદ વેલજી
૧ ખવાસ શામજી મેઘજી
૧ ,, પચાણ વેલા
૧ શાહ ભીમજી શવજી
૧ કંદોઈ લાલજી ભાણજી
૧ શેઠ લક્ષ્મીચંદ ચતુર
૧ દામોદર વિ. વખતચંદ.
૧ વોરા અબદુલ મુશાજી
૧ ,, તીમજી ગલાભાઈ.
૧ આ. રાજારામ શીવશંકર પ્રોજા

જંકશન.

૨ ટી. મા. ચુનીલાલ દુર્લભરામ.
૧ ગુ. કલા. રામભવ વામન.
૨ ટા. કલા. ભીમજી ગિલાભાઈ
૨ તા. મા. સખારામ રામચંદ્ર.
૧ ફુલરૂદાસ હરિભાઈ. તા. મા.
૧ ભોળાભાઈ કુંવરજી. ,,
૧ બાપુજી નાનજી. તા. મા.
૧ હરિલાલ ઠાકુરદાસ. સ. મા.
૧ શંકર બીદાશા ગાર્ડ.

ચુડા સ્ટેશન.

૧ ગામોટી વીરજી લાલજી.
૧ ત્રવાડી મૂળજી રણછોડ.
૧ ગોહેલ રામાજી રાજાજી. પાટડી

પાટડી.

૧ રા. જમનાદાશ ગોવિંદદાશ.
૧ કાળીદાશ હારરામ.
૧ જીભાઈ પ્રાણભાઈ.
૧ અંબાલાલ ત્રીભોવનદાશ.
૧ રા. રણછોડલાલ મૂળજીભાઈ.
૧ જીભાઈ હરગોવંદદાસ.
૧ રેવાશંકર કેશવરામ.
૧ છોટાલાલ લલુભાઈ.
૧ કાળીદાસ કેશવરામ.
૧ ત્રંબક લાલભાઈ.
૧ નાથાભાઇ ત્રીકમદાસ.
૧ વજેરામ ચકુભાઈ.
૧ જીભાઈ રામચંદ.
૧ ભોગીલાલ બાળમુકુંદરાય.
૧ વ્રજલાલ દયારામ.
૧ પિતાંબર ત્રીકમદાસ. મેહેતાજી.
૧ ઠા. રાઘવજી દેવકરણ.
૧ પરી. લાલભાઇ ગોવિંદ.
૧ દેશાઇ છગનલાલ પ્રભુદાશ.
૧ પરી. ધનસુખરામ ભુદરદાશ.
૧ ,, પરશોત્તમ મોહનલાલ.
૧ ,, મોહનલાલ સાંકળચંદ.
૧ ત્રવાડી ગંગારામ મોહનલાલ.
૧ પરી. હરજીવન અમૃતલાલ.
૧ ગોર દલસુખ વૈજનાથ.
૧ જાની દુલભજી પ્રાણરાય
મો. થા.
૧ પો. પ. નાગર ચતુર.

શીથા.

૧ વોરા શમુ હશન.

મોણપુર.

૨ રતીલાલ રંગીલદાશ.

સરા.

૧ શા ગોરધન વિ. શવજી.

હળવદ.

૧ પરી. ફુલચંદ કરેશન.
૧ રાવળ મણીશંકર લાલજી.
૧ વિદ્યારામ સુંદરજી.

માળવણ.

૧ જાની ભવાનીશંકર હીરજી.
૧ પંડ્યા ભવાનીશંકર ગોવીંદરામ.

કોઢ.

શા વલભ છગનલાલ.

સાણંદ.

૧ નરશી છગન.

લીમડી.

૧ દવે કાળીદાશ હરજીવન.
૧ ગોસળીઆ હીરાચંદ રાઘવજી
૧ છોટાલાલ રણછોડ.
૧ ભુદરજી હરિભાઇ.

લખતર

૧ રાવળ મયાશંકર મહાદેવ.
૧ ,, મોહનલાલ મહાદેવ.

ધોળેસ.

૧ સુતાર કાનજી વિ. પ્રભુજી.

રતનપુર.

૧ સુતાર ત્રીભુવન વિ. મૂળજી.

શાહપુર.

૧ જશવંત લક્ષ્મણ સુતાર.

ધાંગધરા

૧ રાવળ ત્રીભોવન નરભેરામ

દીગશર.

૧ પંડ્યા ગવરીશંકર હરજીવન
૧ ,, જગજીવન વિશ્વનાથ.

વીરમગામ

૧ વ્યાસ બાલાશંકર જયશંકર.

નાગનેશ.

૧ દવે મહાશંકર કાનજી.

સર્ખેજ

૧ હાકેમ દેવશંકર.

બોમ્બે.

૧ વ્યાસ દીપશંકર માવજી.

કરોલ.

૧ કુમાર શ્રી શીવશંગ જીગન્ન બાઇ.

નોટીસ.

વઢવાણમાં વિદ્યાસાગર નામની કંપની સ્થપાયેલી છે કું. તરફથી એક છાપખાનું મંગાવવા ખાસ વિચાર છે છાપખાનું મગાવતાં ૧૫૦ શેર કાઢવા ધારેલા છે એક શેર રૂ. ૧૦ નો છે માટે જેટલા શેર જે આશામી લેશે તેને તેટલે હિસ્સે છાપખાનામાં આવતો લાભ મળશે જેને તે વિચાર હોય તેને નિચે સહી કરનારને નાણાં ભરી દેવાં.

શા. વેલજી ભવાનીશંકર.

વ. વી. સા. કું. મેનેજર.

જાહેર ખબર.

આ પુસ્તકની જે સાહેબોને લેવા ઇચ્છા હોય તેમણે નીચે સહી કરનાર પાસેથી રોકડી કિમ્મતે મંગાવી લેવા બાકી ખુલાશો તે વખત કરવામાં આવશે.

તા. ૨૭ જુન સને ૧૮૮૫ } રામજી ભાયાણી વઢવાણ.
ઠેકાણું બોટાદ.